# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-12-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GANDHINAGAR- ENGIMACH 2025

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે  ગાંધીનગરના હેલિપેડ એક્ઝિબિશન સેન્ટર ખાતે ભારતના મુખ્ય ઉત્પાદન ટેકનોલોજી પ્રદર્શન, એન્જિમેક 2025ની 17મી આવૃત્તિનું ઉદ્ઘાટન કર્યું. આજથી પાંચ દિવસ યોજાનાર આ  કાર્યક્રમમાં અગ્રણી વૈશ્વિક ઉત્પાદકો, MSMEs અને ટેકનોલોજી સંશોધકો ઔદ્યોગિક ઉત્પાદનના ભવિષ્યને આકાર આપતા આગામી પેઢીના ઉકેલો પ્રદર્શિત કરશે.આ પ્રદર્શનમાં અદ્યતન મશીન,ટૂલ્સ અને ઓટોમેશનથી લઈને ડિજિટલ મેન્યુફેક્ચરિંગ, ઔદ્યોગિક લોજિસ્ટિક્સ અને ઉભરતી ટેકનોલોજીઓ સુધીના સમગ્ર ઉત્પાદન મૂલ્ય શૃંખલાને આવરી લેતા 10 હજારથી વધુ ઉત્પાદનો રજૂ કરવામાં આવ્યા છે. આ અંગે નાયબમુખ્યમંત્રી એ વધુ માહિતી આપી.

(BYTE - હર્ષ સંઘવી -નાયબ મુખ્યમંત્રી )

. . . . . . . . . . . . .

# RAJKOT – FOOD PARK

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમે રાજકોટના છાપરા ગામમાં નવા એગ્રો ફૂડ પાર્કનું  અનાવરણ થતાં સૌરાષ્ટ્રના કૃષિ ઉદ્યોગ ક્ષેત્રમાં નવા યુગની શરૂઆત થઇ છે.  આ પહેલ રાજ્યના કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા

ક્ષેત્રની હાલની મુખ્ય શ્રૃંખલાને મજબૂત કરશે અને નોંધપાત્ર રોકાણને આકર્ષિત કરશે.

અત્રે ઉલ્લેખનીય છે કે બનાસકાંઠાના મુડેથા અને રાજકોટના છાપરા ખાતે 500 કરોડનું રોકાણ આકર્ષિત કરવાનો હેતુ છે. આ રોકાણથી 30 હજાર પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીની તકો ઉભી થશે.

. . . . . . . . . . . . .

# BHAVNAGAR- AAG

ભાવનગર શહેરના કાળાનાળા વિસ્તારમાં આવેલા એક કોમ્પલેક્ષમાં આવેલી બાળકોની હોસ્પિટલમાં આગ લાગી હતી. બેઝમેન્ટમાં લાગેલી આગ સમગ્ર બિલ્ડીંગમાં પ્રસરી ગઇ હતી. આ કોમ્પલેક્ષમાં બે થી ત્રણ હોસ્પિટલો અને લેબોરેટરી આવેલી છે. ફાયરબ્રિગેડને જાણ થતાં જ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયું હતું. બાળકોની હોસ્પિટલમાંથી બાળકોનું રેસ્ક્યુ કરવામાં આવ્યું હતું. કેટલાંક બાળકોને સારવાર માટે અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

ભાવનગરના અમારા પ્રતિનિધિ જણાવે છે કે પાંચ ફાયર ફાઇટર અને 50 થી વધુ કર્મચારીઓ આગ બુઝાવવાની કામગીરીમાં લાગ્યા હતા.

. . . . . . . . . . . . .

# IMP ANNOUNCEMENT

# <u>એક અગત્યની જાહેરાત</u>

સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે દિવ્યાંગોને મુખ્ય ધારામાં આગળ ધપાવી તેમને સમજવા અને તેમના પ્રત્યે લોકોનો દ્રષ્ટિકોણ બદલવાના હેતુથી આજે "આંતર-રાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ" ઉજવવામાં આવી રહ્યો છે. ત્યારે આકાશવાણી અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા આજે રાત્રે સવા નવ વાગ્યે "આંતર-રાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ" અંગે વિશેષ કાર્યક્રમ રજૂ કરાશે. તો, સાંભળવાનું ચૂકશો નહીં.

રાત્રે સવા નવ વાગ્યે, આકાશવાણીના અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

. . . . . . . . . . . . .

# RAJKOT - SIR PRAKRIYA

સમગ્ર રાજ્યમાં મતદાર યાદી સઘન સુધારાણા ઝુંબેશ એસ.આઇ.આર.ની કાર્યવાહી પૂરજોશમાં ચાલી રહી છે. રાજકોટ જિલ્લા કલેક્ટર ડોક્ટર ઓમપ્રકાશે બીએલઓ ને લોકોએ સહયોગ કરવા અપીલ કરી છે.

(બાઇટ- ડો.ઓમપ્રકાશ,. કલેક્ટર, રાજકોટ)

. . . . . . . . . . . . .

# ARVALLI- HOCKEY

ખેલ મહાકુંભ અંતર્ગત અરવલ્લી જિલ્લામાં ઝોન કક્ષાની હોકી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે,, જેમાં અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા સાબરકાંઠા અને અરવલ્લી સહિતના જિલ્લાઓની ટીમ જોડાઈ છે..આ હોકી ટુર્નામેન્ટનું આયોજન સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને અરવલ્લી જિલ્લા રમતગમત અને યુવા વિકાસ વિભાગ દ્વારા મોડાસા ખાતે રમતોનું આયોજન કરવામાં આવ્યું છે... આ અંગે વધુ વિગતો આપે છે... જિલ્લાના હોકી કોચ શીશી દિવાકર....

(બાઈટ : શશી દિવાકર, ડિસ્ટ્રિક્ટ હોકી કોચ)

. . . . . . . . . . . . .

# PALITANA – KABBADI

રાજ્ય સરકાર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ 2025માં ભાવનગર જિલ્લાની પાલીતાણા મહિલા કોલેજની ટીમ વિજેતા બની છે. સેંદરડાની ટીમને હરાવીને પાલીતાણા મહિલા કોલેજની ટીમ ચેમ્પિયન બની છે.

ભાવનગરના અમારા પ્રતિનિધિ જણાવે છે કે સૌરાષ્ટ્ર ઝોન માટે કબડ્ડીમાં સાત મહિલા ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે. હવે પાલીતાણા મહિલા કોલેજની ટીમ જૂનાગઢ રમવા જશે.

. . . . . . . . . . . . .

# KUTCH-VIDESHI  DARU

કચ્છ બોર્ડર રેન્જના સાયબર  સેલ દ્વારા મુન્દ્રાથી બે કરોડ રૂપિયાથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડયો છે.

કચ્છના અમારા પ્રતિનિધિના જણાવ્યા મુજબ મુન્દ્રામાં ગોડાઉન બહાર ઉભા રહેલા વાહનમાં વિદેશી દારૂનો જથ્થો હોવાની બાતમી મળતા બોર્ડર રેન્જના આઇ.જી. ચિરાગ કોરાડીયાની  સૂચનાથી સાયબર સેલે દરોડો પાડયો હતો. દારૂના જથ્થા સહિત પોલીસે અઢી કરોડનો મુદ્દામાલ કબજે કર્યો છે.

. . . . . . . . . . . . . .